# બાબા મુક્તાનંદની શિખામણો

બાબા મુક્તાનંદની મહાસમાધિની વર્ષગાંઠના આ મહિના દરમિયાન, સિદ્ધયોગીઓ અને નવા સાધકો આ મહાન સિદ્ધગુરુના અસાધારણ જીવન અને ધરોહરનો ઉત્સવ મનાવે છે અને તેનું સન્માન કરે છે. ઘણી નાની ઉંમરથી જ, ભગવાનને જાણવાની તેમની પોતાની લલકથી પ્રેરિત થઈને, બાબાજી આધ્યાત્મિક અભ્યાસો તરફ આકર્ષિત થયા હતા.

બાબાજી હંમેશાં સત્સંગ એટલે કે સત્યની સંગતિને શોધતા. તેમણે સ્વયંને સાધનામાં સમર્પિત કરી દીધા હતા. સાધના અર્થાત્ આધ્યાત્મિક અભ્યાસ એક સાધકને દરેકના હૃદયમાં અને દરેક વસ્તુમાં વિદ્યમાન દિવ્યતા સાથે ઐક્યની પ્રાપ્તિ તરફ લઈ જાય છે. તેમના સ્વપ્રયત્નોની શુદ્ધતાથી અને તેમના શ્રીગુરુ, ભગવાન નિત્યાનંદની કૃપાથી, બાબાજી એક સિદ્ધગુરુ બન્યા, જેઓ શક્તિપાત દીક્ષાના કૃપા-પ્રસાદથી બીજાં લોકોની શક્તિને જાગ્રત કરવાની શક્તિ અને સત્તા ધરાવતા હતા.

બાબાજી ઘણીવાર કહેતા કે ભગવદ્પ્રેમ અને ભગવાનને સ્વયંના પોતાના આત્માના રૂપે જાણવાની લલક એ સાધકની સાધનાને પોષણ અને ઊર્જા પ્રદાન કરે છે. આ ઉદ્ધરણને વાંચતી વખતે અને તેનું અધ્યયન કરતી વખતે, તમે ભગવાન પ્રત્યેની તમારી પોતાની લલક અને તમારા પોતાના પ્રેમ પર મનન-ચિંતન કરી શકો છો. તમે તમારા ગહનતમ સ્વ-સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની તમારી પોતાની લલક પર મનન-ચિંતન કરી શકો છો.

જ્યારે તમે બાબાજીના શબ્દોને વાંચો અને તેના પર મનન-ચિંતન કરો ત્યારે, તમે સ્વયંને નિમ્નલિખિત પ્રકારના પ્રશ્નો પૂછીને આત્મવિચાર કરી શકો છો :

- હું બાબાજીના શબ્દોમાંથી એવું શું શીખી શકું છું જેથી મારી સાધનાનો વિકાસ થાય?
- એ શું છે જે મારી સાધનામાં મને પ્રેરિત કરે છે?
- મારા પોતાના હૃદયમાં આધ્યાત્મિક લલકના સદ્ગુણને ઓળખવા માટે અને તેનો વિકાસ કરવા માટે હું કયા વ્યવહારિક કદમ ઉઠાવી શકું છું?

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.